ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મતદાનના આંકડા બનશે પરિણામના પરિમાણ

ગાંધીનગર, તા. ૨૨

આજે મતદાનનો દિવસ છે. રાજ્યના ૪.૫૧ કરોડ મતદાતાઓ ૩૭૧ ઉમેદવારોનું ભાવિ નિશ્ચિત કરશે. ભરૂચની બેઠક બાદ કરતા રાજ્યની ૨૫ બેઠકો પર કોંગ્રેસ-ભાજપ વચ્ચે સીધો જંગ ખેલાશે. ચૂંટણીપંચ દ્વારા પણ સમગ્ર કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે. નિષ્પક્ષ અને નિર્ભિક મતદાન થાય એવી કવાયત તંત્ર દ્વારા ચાલી

ટુ ધ પોઈન્ટ

રહી છે. મતદાનની સ્લીપો પહોંચી છે. વધુ મતદાન માટે તંત્ર દ્વારા પણ પ્રયાસો થયા છે. સામાજિક સંસ્થાઓ, જ્ઞાતિ સમાજો અને રાજકીય પક્ષોએ પણ મતદાન માટે જાહેર અપીલો કરી છે પરંતુ આંખે ઉડીને વળગે એવો કોઈ ચૂંટણીનો માહોલ દેખાતો નથી. રાજકીય પક્ષોના ધમપછાડા છતાં મતદારો હજુ પણ અકળ છે. સમગ્ર સમાજમાં ઉત્સાહનો માહોલ ન હોવાને કારણે કોઈ આ પક્ષ કે પેલા પક્ષની કુંડળી મુકવાનુ રાજકીય પક્ષો માટે પણ મુશ્કેલ બન્યુ છે અને અધુરામાં પુરૂ ગરમીનો પારો બે દિવસથી ક્રમશઃ વધતા ચિંતામાં વધારો થાય તે સ્વાભાવિક છે એટલે આજે સો મણનો સવાલ એ છે કે મતદાન કેટલુ થશે એના ઉપર વિશ્લેષણોનો આધાર છે.

ગુજરાતમાં મતદાનનો ટ્રેન્ડ દર લોકસભાની ચૂંટણીમાં અલગ અલગ રહ્યો છે. ખાસ કરીને છેલ્લી ત્રણ ચૂંટણીઓના આંકડાઓ

## ચૂંટણીના માહોલમાં નિરસતા અને આક્રમક ગરમી મતદાનમાં વિલન બનવાની સંભાવના : મતદારોને મતદાન મથક સુધી પહોંચાડવામાં જે સફળ બનશે એની જીત સરળ બનશે : મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરીએ

જોઈએ તો ૨૦૦૪માં ૪૫.૧૮ ટકા, ૨૦૦૯માં ૪૭.૯૨ ટકા, ૨૦૧૪માં ૬૩.૮૯ ટકા મતદાન નોંધાયુ છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં મતદારોનો એક અલગ મિજાજ દેખાતો હતો. ઉત્સાહ પણ પુષ્કળ હતો, માહોલમાં પણ જમાવટ હતી અને સૌ ગુજરાતીઓને ગુજરાતી પ્રધાનમંત્રી બનાવવાની હોંશ હતી એટલે મતદાન ઝનુનપૂર્વક થયુ અને કોંગ્રેસના સૂપડા સાફ થયા હતા. જ્યારે ૨૦૦૪ અને ૨૦૦૯માં કશ્મેકશ લડાઈ હોવા છતાં મતદાન ૪૫ થી ૫૦ ટકાની વચ્ચે રહ્યુ અને એના પરિણામે કોંગ્રેસને ૧૦ અને ૧૧ અને ભાજપને ૧૬ અને ૧૫ બેઠકો મળી હગતી. આ માત્ર ચૂંટણીનો રસપ્રદ ઈતિહાસ છે. આ હકીકતો અને આંકડાઓ પર તર્કો થતાં હોય છે. પરંતુ દરેક વખતે ઈતિહાસનું પુનરાવર્તન થાય એ જરૂરી નથી હોતુ ક્યારેક પરિવર્તન પણ થાય છે. અર્થાત ૨૦૦૪ અને ૨૦૦૯માં શાસક કોંગ્રેસ પક્ષ સામે રોષ હતો પણ એટલો બધો નહોતો કે સરકાર પણ ન આવી શકે જ્યારે ૨૦૧૪માં મતદારોનો રોષ કોંગ્રેસ સરકાર સામે હતો અને સાથોસાથ ભાજપને સત્તા પર બેસાડવાનો ઉત્સાહ હતો જ્યારે આ વખતે પ્રવર્તમાન સરકાર સામે રોષ પણ નથી અને અન્ય પક્ષોને સત્તા પર બેસાડવાનો ઉત્સાહ પણ નથી એટલે મતદાતાઓમાં નિરસતા છે. ઉત્સાહનો અભાવ અને ગરમી મતદાનના આંકડા બદલી પણ શકે છે. આમ છતાં બુથ મેનેજમેન્ટના બંને પક્ષના કાર્યકરો મતદાતાઓને મતદાન મથક સુધી પહોંચાડી શકે છે એ પણ એટલુ જ જરૂરી છે. ચૂંટણી મેદાનમાં નહી, બુથમાં જ જીતાય છે એટલે જેટલુ મતદાન વધારે એટલો ભાજપને ફાયદો અને જેટલુ ઓછુ એટલે કોંગ્રેસને લાભ થાય પણ સાથેસાથે નોંધનીય એ છે કે ગ્રામિણ વિસ્તારની બેઠકોમાં જેટલુ મતદાન ઉંચુ જશે એ ફાયદો કોંગ્રેસને પણ મળશે. આમ આજે મતદાનના દિવસે રાજ્યના મતદાતાઓ અલગ અલગ ભૌગોલિક રીતે પણ વહેંચાયેલા છે. શહેરી વિસ્તારમાં ભાજપનો દબદબો છે તો ગ્રામિણ વિસ્તારોમાં કોંગ્રેસની પકડ યથાવત છે આજનું મતદાન રાજ્યના રાજકીય સમિકરણો માટે મહત્વના બની રહેશે. કોણ હારશે, કોણ જીતશે એ વિવાદ એક તરફ રાખીએ તો પણ મતદાન કરનાર મતદાતાની જીત ચોક્કસ છે. મોટી સંખ્યામાં મતદાન થાય કરી લોકશાહીનો વિજયને વિજયી બનાવીએ.

## લોકશાહીના મહાપર્વની ઉજવણીનો ઉત્સાહપૂર્વક આરંભ : ઈવીએમ મતદાન મથકો પર રવાના....







# ગાંધીનગરની હાઈ પ્રોફાઈલ બેઠક પર ૧૯.૪૫ લાખ મતદારો આજે મતદાન કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે આજે ૧૯.૪૫ લાખ મતદારો લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં મતાધિકારનો ઉપયોગ કરી ભાગ લેશે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૯૭૫ મતદાન મથકો નિયત કરાયા છે. જેમાં ગાંધીનગર (ઉ)માં ૨૪૫, કલોલમાં ૨૫૦, સાણંદમાં ૨૯૪, ઘાટલોડિયામાં ૩૭૨, વેજલપુરમાં ૩૩૬, નારણપુરામાં ૨૪૦ અને સાબરમતીમાં ૨૩૮ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

આ સંસદીય મતવિસ્તારમાં ૩૫ સખી મતદાન મથકો બનાવવા ઉપરાંત ૭ દિવ્યાંગ કર્મચારી સંચાલિત મતદાન મથકો બનાવવામાં આવ્યા છે.

સવારે ૭ વાગ્યાથી શરૂ થનાર મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે.

સંસદીય મતવિસ્તારમાં દિવ્યાંગ મતદારો માટે ૨૬૩ વ્હીલચેર અને ૫૯૦ સહાયકોની પણ નિયુક્તી તંત્ર દ્વારા કરવામાં આવેલી છે.

આ વિસ્તારમાં જે મતદારો નોંધાયેલા છે તેમાં ૧૦,૦૩,૭૦૭ પુરૂષ મતદારો અને ૯,૪૧,૩૯૫ મહિલા મતદારો જ્યારે ૪૭ અન્ય મતદારો નોંધાયેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર ઉત્તરના ૩ માઈક્રો ઓબ્ઝર્વરને નોટીસ ફટકારાઈ

ગાંધીનગર (ઉ)ના ત્રણ માઈક્રો ઓબ્ઝર્વર આજે તેમની ફરજ પર હાજર ન થતાં જિલ્લાતંત્રએ તેમને નોટીસ પાઠવી બે દિવસમાં ખુલાસો કરવા જણાવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે આ ત્રણેય માઈક્રો ઓબ્ઝર્વરને નોટીસની બજવણી તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. આ ત્રણેય ઓબ્ઝર્વરના સ્થાને અન્ય રિઝર્વ કર્મચારીઓમાંથી નિમણુંક આપવામાં આવી છે. આ ત્રણેય માઈક્રો ઓબ્ઝર્વરનો ખુલાસો મળી ગયા પછી તેમની સામે ગંભીર પ્રકારના પગલાં લેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

# જિલ્લાના ૧૨.૨૨ લાખ મતદારો મતદાન કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના પાંચેય વિધાનસભા મતવિસ્તારમાં આજે પોલીંગ પાર્ટીઓ તેમની ફરજના સ્થળે પહોંચી જવા પામી છે. સવારે ૬ વાગે પોલીંગ એજન્ટોની હાજરીમાં મોકપોલ કર્યા બાદ ૭ વાગ્યાથી મતદાનની પ્રક્રિયા શરૂ થશે. ગાંધીનગર જિલ્લામાં આજે ૧૨,૨૨,૭૨૮ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વમાં ભાગીદાર થશે. જિલ્લામાં નોંધાયેલા મતદારોમાં ૬,૨૮,૧૨૫ પુરૂષ મતદારો છે જ્યારે ૫,૯૪,૫૬૬ મહિલા મતદારો અને ૩૭ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ ચૂંટણીની પ્રક્રિયા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ૧૫૫ રૂટ નિયત કરાયા છે જેના પર સેક્ટર ઓફિસર સતત મોનીટરીંગ કરશે. જિલ્લામાં ૧૩૭૯ મતદાન મથકો છે.

આ મહાપર્વની ઉજવણી માટે ૨૫ સખી મતદાન મથકો અને પાંચ મતદાન મથકો દિવ્યાંગ કર્મચારીઓ દ્વારા સંચાલન કરવામાં આવનાર છે.

જિલ્લામાં દિવ્યાંગ મતદારો માટે ૧૮૧ વ્હીલચેર તથા ૩૮૮ સહાયકની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આદર્શ આચારસંહિતાના અમલ માટે જિલ્લામાં ૨૩૩ માઈક્રો ઓબ્ઝર્વરની પણ નિયુક્તિ કરવામાં આવી છે. જિલ્લાના ૧૪૩ બુથોનું વેબકાસ્ટીંગ કરવામાં આવશે તેમજ તેના પર તંત્ર દ્વારા એક ખાસ કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે.

### ...ને પોલિંગ ઓફિસર-૧ ને એકાએક એટેક આવતાં હોસ્પિટલ ખસેડાયા

**જિલ્લાતંત્રએ દાખવેલા માનવીય અભિગમની કર્મચારીઓમાં ભારે પ્રશંસા**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર (ઉ) વિધાનસભા બેઠક માટે આજે મતપેટીઓ રવાના કરવાની કામગીરી ચાલુ હતી તે દરમ્યાન એક પોલીંગ ઓફિસર-૧ તરીકે નિયુક્તી પામેલ અભુજી દેવડા નામના કર્મચારીને હૃદયરોગનો હુમલો આવતાં તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ. આ પછી વધુ સારવારની જરૂરિયાત જણાતાં તેને યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ.

મળતી વિગતો પ્રમાણે બુથ નં. ૧૬૪માં પોલીંગ ઓફિસર-૧ તરીકે અભુજી દેવડાની નિયુક્તી થઈ હતી. મતપેટી લેવા ઉપરાંત અન્ય સામગ્રી લઈ રહ્યા હતા ત્યાં જ તેમને છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો.તાત્કાલિક મદદનીશ ચૂંટણી અધિકારી વ પ્રાંત અધિકારી ગાંધીનગર શ્રી ભોરણિયાને જાણ કરતાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ અન્ય કર્મચારીને ફરજ પર નિયુક્તી આપતા હુકમો કર્યા હતા.

આ પછી ડિસ્પેચીંગની સંપૂર્ણ કામગીરી સંપન્ન થઈ ગયા બાદ જિલ્લા કલેક્ટર શ્રી લાંગા તેમજ શ્રી ભોરણિયા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અભુજી દેવડાની ખબર-અંતર પુછવા પહોંચ્યા હતા. ત્યાં તબીબી અધિકારીઓ અને પરિવારજનો સાથે વાતચીતને અંતે તેમને સઘન સારવાર માટે યુ.એન.મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

યુ.એન. મહેતામાં નિષ્ણાત કાર્ડિયોલોજીસ્ટ આર.કે. પટેલ સાથે જિલ્લા કલેક્ટરશ્રીએ વાત કરતાં તેમને સ્ટેન્ડ મુકવાની જરૂરિયાત જણાતાં પરિવારજનોને તેની જાણ કરી હતી.

તંત્રએ આજે મૈત્રીભાવનું પવિત્ર ઝરણુ મુજ હૈયામાં વહ્યા કો ની પંક્તિને સાર્થક કરતાં ચૂંટણી કર્મચારીઓ ગદગદિત થઈ ગયા હતા એટલુ જ નહિ પણ કલેક્ટર લાંગા તથા ભોરણિયાના અભિગમની સતત પ્રશંસા કર્મચારી આલમમાં થતી સાંભળવા મળી હતી.

### જાહેર પ્રચારમાં સરેરાશ મતદારદીઠ સવા ત્રણ રૂપિયાનો ખર્ચ ઉમેદવારોએ કર્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં જંગ લડી રહેલા ૧૭ ઉમેદવારોએ તેમના પ્રચાર અભિયાનમાં મતદારદીઠ સરેરાશ રૂ. ૩.૨૫ પૈસાનો ખર્ચ કર્યો છે.

આ મત વિસ્તારમાં ૧૭ ઉમેદવારો નોંધાયેલા છે અને તેમને ત્રણેય તબક્કામાં રજુ કરેલા ખર્ચનો આંકડો ૬૧ લાખ જેટલો થવા જાય છે. આ મતવિસ્તારમાં ૧૯.૪૫ લાખ મતદારો નોંધાયેલા છે.

ત્રણેય તબક્કાના રજુ થયેલા હિસાબોમાં સૌથી વધુ ખર્ચ કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડાએ ૩૨ લાખ ૧૫ હજારનો તો ભાજપના અમીત શાહે ૧૪ લાખ ૨૬ હજારનો ખર્ચ કર્યો છે. રાઈટ ટુ રિકોલ પાર્ટીના રાજુલ મહેતા અને હિન્દુસ્તાન નિર્માણદળના ઉમેદવાર અમરીશ પટેલે અનુક્રમે ૬.૭૮ લાખ અને ૨ લાખ ૪૫ હજાર જેટલો ખર્ચ કરેલ છે. ૧૭ ઉમેદવારો પૈકી ૪ ઉમેદવારોએ ૨૦ હજારથી પણ ઓછો ખર્ચ કર્યો છે જ્યારે ત્રણ ઉમેદવારોએ ૫૦ હજારથી ઓછો ખર્ચ કર્યો છે.

આ વખતની ચૂંટણીમાં કોઈ ચોક્કસ લહેર કે મોજુ જોવા મળતુ નથી તેમજ ગરમીનો પ્રકોપ પણ વધુ હોવાથી જાહેર પ્રચાર ઓછો થયો હોવાની વાતો રાજકીય વર્તુળો સતત ચર્ચાનો મુદ્દો રહી છે તે ઉલ્લેખનીય છે.

### મોદી હિરાબાને મળશે, સવારે ૭.૩૦ કલાકે અમદાવાદમાં મતદાન કરશે

ગાંધીનગર

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩મી એપ્રિલે મતદાન કરવા માટે ગુજરાત આવ્યા છે. તેઓ અમદાવાદની નિશાન હાઈસ્કૂલના રૂમ નંબર-૩માં મતદાન કરશે. તેઓ શહેરના રાણીપ



વિસ્તારમાં મતદાન કરશે.

મોદી મંગળવારે તેમના માતા હિરાબાને મળવા જવાના છે. હિરાબાની ઉંમર ૯૮ વર્ષની છે. પ્રત્યેક ચૂંટણીના મતદાન પહેલા તેઓ તેમના માતાના આશીર્વાદ લેવા જતા હોય છે. આ વખતે પણ મતદાનના દિવસે હિરાબાને મળશે. હિરાબા મોદીના નાના ભાઈ પંકજ મોદીના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને રહે છે.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદી મતદાન કરવા માટે આવ્યા હતા ત્યારે તેમના માતા હિરાબાએ મોદીને આશીર્વાદ આપતાં કહ્યું હતુ કે-- બેટા તું ભારતનો વડાપ્રધાન બનીશ. મારા તને આશીર્વાદ છે. હિરાબા ગાંધીનગરમાં મત આપવા જવાના છે, જે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો મતવિસ્તાર છે.

અમિત શાહ નારણપુરામાં મતદાન કરશે. તેઓ સવારે ૯.૦૦ વાગે નારણપુરા સબ ઝોનલ ઓફિસમાં મતદાન કરશે. એ ઉપરાંત ગાંધીનગરના પૂર્વ સાંસદ લાલકૃષ્ણ અડવાણી શાહપુરની હિન્દી સ્કૂલમાં ૧૧.૧૫ કલાકે મતદાન કરશે. અડવાણને ભાજપે આ વખતે ટિકીટ આપી નથી પરંતુ અડવાણી ક્યારેય મતદાન કરવાનું ચૂકતા નથી.

કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી પણ ૯.૩૦ કલાકે મતદાન કરશે. તેમનું મતદાન મથક ચીમનભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદના એસજી હાઈવે પર આવેલું છે. જ્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સવારે ૮.૦૦ કલાકે રાજકોટમાં અનિલ જ્ઞાનમંદિરમાં મત આપવા જશે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી સવારે ૮.૩૦ કલાકે ભાવનગરમાં સરકારી કુમાર શાળામાં મતદાન કરશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ સવારે ૧૦.૦૦ કલાકે કડીની સંસ્કાર ભારતી સ્કૂલમાં મતદાન કરશે.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા અમરેલી તેમજ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના હણોલમાં મતદાન કરશે. આ ઉપરાંત રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીઓ તેમના મત વિસ્તારમાં મતદાન કરશે.




# ગરમીનો ઉગ્ર મિજાજ : પારો ફરી ઉંચકાયો

## તાપમાન ૪૧.૪ : ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૨.૫ ડિગ્રી વધ્યુ : વાતાવરણ પલ્ટાના અંતે એક સપ્તાહમાં મહત્તમ તાપમાનમાં ૫ થી ૭ ડિગ્રીની વધઘટ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં ગત સપ્તાહ દરમિયાન વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો નીચે ગગડતા ગરમી અદ્રશ્ય થઈ ગઈ હતી. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી સીધુ ૩૪ ડિગ્રી સુધી નીચે ગગડી ગયુ હતુ. જયારે વાતાવરણ પલ્ટાના અંતે હવે ગરમીનો પારો ધીમે ધીમે ઉંચકાતા આજે ફરી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર થઈ ગયુ હતુ. આજે મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી પહોંચી જતા નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં ગત સપ્તાહના વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો પણ ગગડયો હતો. મહત્તમ



તાપમાન ૩૪ ડિગ્રી સુધી નીચે ઉતરી જતા વાતાવરણમાંથી જાણે ગરમી જ અદ્રશ્ય થઈ ગઈ હતી. જેના લીધે આકરી ગરમીથી ત્રસ્ત નગરજનોએ રાહત અનુભવી હતી. પરંતુ છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ધીમે ધીમે ઉંચકાતા આજે ફરી મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨.૫ ડિગ્રી ઉંચકાયો હતો. છેલ્લા પાંચ દિવસના ગરમીના પારા પર નજર કરીએ તો ગત તા ૧૯ એપ્રિલના રોજ મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી રહ્યુ હતુ. જયારે બીજા દિવસે પણ ગરમીનો પારો યથાવત રહ્યો હતો. તા ૨૦ એપ્રિલના રોજ મહત્તમ તાપમાન વધીને ૩૮.૬ ડિગ્રી પહોંચી ગયુ હતુ. જયારે ધીમે ધીમે વધતી ગરમી આજે ફરી ૪૦ ડિગ્રીને પાર થઈ જતા નગરજનો અંગ દઝાડતી ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. આજે મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી પહોંચી જતા દિવસનો તાપ આકરો બન્યો હતો. દિવસ દરમિયાન નાગરિકોએ અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો હતો. હવામાન નિષ્ણાંતોના મતે ગરમીનો પારો હજુ ઉંચકાશે જયારે બે ચાર દિવસની રાહત બાદ ગરમીએ ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરના જનજીવન પર ગરમીની અસર વર્તાઈ રહી છે. મંગળવારે મતદાન હોવાથી ગરમીનો પારો પણ ટોક ઓફ ધ ટાઉન રહ્યો છે. ગરમીના લીધે મતદાનની પ્રક્રીયા પ્રભાવિત થશે કે કેમ તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com